**<u>ફોજદારી અપીલ નં. ૯૧/૨૦૨૬ ના કામે આંક–૧ નીચે હુકમ :–</u>**

આ કામના તમામ પક્ષકારો તથા તેમના વિકીલશ્રીઓ હાજર છે અને તેઓ આ કામે સમાધાન પુરસીશ આંક–૧૦ થી રજુ કરે છે. પક્ષકારો તથા તેમના વિ. વકીલશ્રીઓને આ સમાધાન વાંચી સંભળાવી, સમજાવવામાં આવેલ છે, તેઓશ્રી આ સમાધાન અને સમાધાન પુરશીશ નીચેની તેમની સહીઓ કબુલ રાખે છે, જેથી આ સમાધાન નોંધવામાં આવે છે.

અપીલ સુનાવણીના તબકકે બંને પક્ષકારો અદાલત સમક્ષ હાજર થતા પક્ષકારો વચ્ચે સમાધાન થતા આંક–૧૦ થી પુરસીસ રજુ કરેલ છે. જેમાં પક્ષકારોને સમાધાન થઈ ગયેલ હોય, સામાવાળા/મુળ ફરીયાદીને ચેક મુજબની પુરેપુરી રકમ મળી ગયેલ છે, કોઈ રકમ લેવાની બાકી રહેતી ન હોય જેથી આ કામ માંડવાળ કરતા હોય અને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય એપેલેન્ટને કરેલ સજાનો હુકમ રદ્દ કરવા અરજ કરેલ છે. આમ એપેલન્ટ તર્ફે સામાવાળા નં.–૧ સાથે સમાધાન થઈ જતા હાલની ક્રિમીનલ અપીલ આગળ ચલાવવા માંગતા નથી તે મતલબની જાહેરાત કરતા આંક–૧૦ ની પુરસીસને રેકર્ડ કરવામાં આવેલ છે અને તે રીતે આજરોજની કન્ટીન્યુસ લોક અદાલતમાં સમાધાન થતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

એપેલેન્ટ/આરોપી અને રીસ્પોન્ડન્ટ નં.–૧ ની સંયુકત પુરસીસ આંક–૧૦ ના આધારે હાલની ક્રિમીનલ અપીલ સમાધાન પુરસીસ રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

એપેલેન્ટ/આરોપીની હાલની ક્રિમીનલ અપીલના કામે આંક–૧૦ ની પુરસીસમાં જણાવ્યા મુજબ ટ્રાયલ કોર્ટનો ક્રિમીનલ કેસ નં. ૪૨૫૨/૨૦૨૩ લગત ટ્રાયલ કોર્ટે સજા નો કરેલ હુકમ રદ્દ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સદર હુકમની નકલ ટ્રાયલ અદાલતને હુકમની અમલવારી માટે મોકલી આપવી.

આ હુકમ આજ તા. ૨૦ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ કન્ટીન્યુસ લોક અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.
તા. ૨૦–૦૬–૨૦૨૬.

**( હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમા એડી. સેશન્સ જજ
જૂનાગઢ
(કોડ નં.જીજે.–૦૧૦૦૫)